PROVISIONAL ANSWER KEY
NAME OF THE POST :
1). Administrative Officer( Animal Husbandary)(ACD)(Advt. No. : 15/2015-16)
2). Executive Engineer (Mechanical),(ABC) (Advt. No. : 06/2015-16), Class-I
Date of Preliminary Test : 28/01/2017
Subject : General Study (Que. 001 to 100)

001. ગુજરાત રાજ્ય કેટલા અક્ષાંશમાં આવેલું છે?
(A) 20.1 થી 24.3 ઉ.અ.
(B) 20.1 થી 24.7 ઉ.અ.
(C) 20.1 થી 25.4 ઉ.અ.
(D) 70.4 પૂર્વ અક્ષાંશવૃત્ત

002. ગુજરાતમાં ફ્લોરસ્પાર નીચે પૈકી ક્યા સ્થળેથી મળે છે?
(A) વડોદરા જિલ્લામાં આંબાડુંગર ડુંગરગામ અને નૌતિટોકરી
(B) ભરૂચ જિલ્લાના રતનપુર અને રાજપીપળાના ડુંગરો
(C) સૂરત જિલ્લામાં ઓસવાડ અને માંગરોળ
(D) જુનાગઢ જિલ્લામાં

003. ગુજરાતની ઉત્તરે આરાસુરતા નામે ઓળખાતી કઈ ગિરીમાળાના ડુંગરો આવેલા છે?
(A) સાપુતારા
(B) વિંધ્યાચળ
(C) અરવલ્લી
(D) ઉપર પૈકી એકપણ નહીં

004. ગુજરાતમાં યુનીસેફની મદદથી કઈ ડેરીની સ્થાપના કરવામાં આવી છે?
(A) સુમુલ
(B) અમૂલ
(C) બનાસ
(D) દૂધસાગર

005. ગુજરાતમાં સૌથી મોટી રસાયણ ઉદ્યોગની વસાહત ક્યાં આવેલી છે?
(A) ભરૂચ
(B) અંકલેશ્વર
(C) સૂરત
(D) વડોદરા

006. કચ્છના ક્યા શહેરમાં ‘‘ખારેક સંશોધન કેન્દ્ર’’ આવેલ છે?
(A) ભૂજ
(B) અંજાર
(C) મુંદ્રા
(D) અબડાસા

007. ગુજરાતમાં સૌથી વિશાળ ક્ષેત્રમાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો ક્યાંથી મળી આવ્યા છે?
(A) રોજડી
(B) ભૂજ
(C) રાણપુર
(D) ધોળાવીરા

008. વર્ષ 2011 ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં નીચે દર્શાવેલ ચાર શહેરોમાં વસ્તીગીચતામાં (એક ચોરસ કિલોમીટર પ્રમાણ) પ્રથમ ક્રમે ક્યા શહેરનો સમાવેશ થાય છે?
(A) અમદાવાદ
(B) આણંદ
(C) સૂરત
(D) ગાંધીનગર

**009.** વર્ષ 2011 ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ કેટલું છે?

(A) 916 (B) 947

(C) 940 (D) 918

**010.** વર્ષ 2011 ની વસ્તી ગણતરી અનુસાર દર હજાર પુરુષની સામે નીચે દર્શાવેલ કયા જિલ્લામાં સ્ત્રીઓનું પ્રમાણ એક હજારથી વધુ છે?

(A) દાહોદ (B) તાપી

(C) ડાંગ (D) નર્મદા

**011.** ચિત્રવિચિત્રેશ્વરનો મેળો કયા જિલ્લામાં ભરાય છે?

(A) સાબરકાંઠા (B) બનાસકાંઠા

(C) પંચમહાલ (D) ડાંગ

**012.** નીચેની પૈકી કઈ જોડી અયોગ્ય છે?

(A) રાઠવા - પીઠોરાના ચિત્રો (B) ભીલો - ભારાડીના ચિત્રો

(C) કુંકણીઓ - ગોગજના ચિત્રો (D) ચૌધરીઓ - નવાના ચિત્રો

**013.** મોઢેરાના સૂર્યમંદિરની બાબતમાં કયું વિધાન સાચું નથી?

(A) આ મંદિર ભીમદેવ પ્રથમના શાસનકાળમાં બંધાયું છે.

(B) આ મંદિરનું નકશીકામ ગાંધાર શૈલીમાં થયેલું છે.

(C) મંદિરના બહારના જળકુંડની ચારે બાજુ નાનાં નાનાં 108 જેટલા મંદિરો આવેલા છે.

(D) આ મંદિરમા સૂર્યની 12 વિવિધ મૂર્તિઓ અંકિત થયેલી આજે જોઈ શકાય છે.

**014.** હાલી નૃત્ય કઈ આદિજાતિનું લોકનૃત્ય છે?

(A) ભીલ (B) દૂબળા

(C) પઢાર (D) ચારણ

**015.** ભવાઈના પિતા અસાઈત ઠાકર ક્યાંના વતની હતા?

(A) મહેસાણા (B) પાટણ

(C) સિધ્ધપૂર (D) પાલનપુર

**016.** 'ચાબખા' સાહિત્યસ્વરૂપમાં રચનાઓ નીચેનામાંથી કોણે કરી છે?

(A) ભોજા ભગત (B) ધીરો

(C) શામળ (D) નાકર

**017.** નીચેનામાંથી કયું જોડકું બંધ બેસતું નથી?

(A) કરણ ઘેલો - નંદશંકર મહેતા
(B) મારી હકીકત - નર્મદ
(C) બંધન અને મુક્તિ-મનુભાઈ પંચોલી
(D) ધૂળસળી - પન્નાલાલ પટેલ

**018.** ભારતની બધીજ પ્રાદેશિક ભાષાઓમાં સૌપ્રથમ પ્રાદેશિક ચિત્રપટ બનાવવાનું માન ગુજરાતી ભાષાની ફિલ્મને મળે છે, આ ફિલ્મ 1932 ના વર્ષમાં રજૂ થયેલ હતી. આ ફિલ્મ નીચેનામાંથી કઈ હતી?

(A) નરસિંહ મહેતા
(B) લીલુડી ધરતી
(C) મુંબઈની શેઠાણી
(D) કંકુ

**019.** નીચેનામાંથી કયું જોડકું બંધ બેસતું નથી?

(A) લક્ષ્મીવિલાસ પેલેસ-ભૂજ
(B) વિજયવિલાસ પેલેસ - ભૂજ
(C) અડાલજની વાવ - ગાંધીનગર
(D) પ્રાગમહલ - ભૂજ

**020.** 'ભૂજોડી' શું છે?

(A) કચ્છમાં વસતી એક જાતિ
(B) અંજારમાં બનતી ચપ્પલ કે મોજડીનું નામ
(C) ભૂજની બાંધણીનું સ્થાનિક નામ
(D) ભૂજની એમ્બ્રોઇડરીની એક ભાત

**021.** મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લામાં આવેલ ઈલોરાની ગુફાઓ બાબતમાં શું સાચું નથી?

(A) તેમાં કુલ 34 ગુફાઓ છે.
(B) 30 થી 34 ગુફાઓ બૌધ્ધ ગુફાઓ છે.
(C) 13 થી 29 ગુફાઓ હિન્દુ ધર્મની છે.
(D) ત્યાંનું વિશેષ આકર્ષણ કૈલાસમંદિર છે.

**022.** યાદી-ક માં આપેલ કિલ્લાઓને યાદી ખ માં આપેલ રાજ્ય સાથે યોગ્ય રીતે જોડો.

| | ક | | ખ |
|---|---|---|---|
| (A) | દોલતાબાદનો કિલ્લો | (1) | મહારાષ્ટ્ર |
| (B) | જિંજીનો કિલ્લો | (2) | તામિલનાડુ |
| (C) | કાંગડાનો કિલ્લો | (3) | હિમાચલ પ્રદેશ |
| (D) | ગોલકાંડાનો કિલ્લો | (4) | આંધ્રપ્રદેશ |

(A) A-2, B-3, C-4, D-1
(B) A-3, B-4, C-1, D-4
(C) A-1, B-2, C-3, D-4
(D) A-4, B-1, C-2, D-3

023. ઈ.સ. 1631માં તાજમહાલ બાંધવાની શરૂઆત થઈ હતી, તેનું બાંધકામ કયા વર્ષમાં પૂરું થયું હતું?
(A) 1632
(B) 1640
(C) 1645
(D) 1653

024. ભારતની જમીનનું વર્ગીકરણ કેટલા પ્રકારોમાં કરવામાં આવેલ છે?
(A) 1
(B) 6
(C) 4
(D) 5

025. ભારતમાં સૌથી વ્યાપક જંગલ વિસ્તારમાં પ્રથમ ક્રમ કોનો છે?
(A) આંદામાન-નિકોબાર દ્વિપસમૂહ
(B) મિઝોરમ
(C) મણિપુર
(D) ત્રિપુરા

026. 1988 માં જાહેર થયેલ નવી રાષ્ટ્રીય નીતિ અંતર્ગત કયું વિધાન સાચું નથી?
(A) પ્રાકૃતિક સૌંદર્યનું રક્ષણ કરવું
(B) રણ વિસ્તારને આગળ વધતો અટકાવવો.
(C) દેશના કુલ વિસ્તારના 25% વિસ્તાર વૃક્ષ આચ્છાદિત બનાવવાનો સંકલ્પ કરવામાં આવેલ છે.
(D) પર્યાવરણ સમતુલન ટકાવવા પ્રયત્ન કરવો.

027. નીચેનામાંથી ગુજરાતનું રાજપક્ષી કયું છે?
(A) કલકલિયો
(B) ચિલોગો
(C) કબૂતર
(D) સુરખાબ

028. ઊંચી ગુણવત્તા ધરાવતા લોખંડના જથ્થામાં વિશ્વમાં ભારત ક્યા ક્રમે આવે છે?
(A) 3
(B) 2
(C) 1
(D) 4

029. ખનિજતેલ શુદ્ધ કરવાની હાલમાં દેશમાં કેટલી રિફાઈનરી છે?
(A) 18
(B) 20
(C) 22
(D) 28

030. ભારતમાં રાસાયણિક ખાતરનું સૌપ્રથમ કારખાનું કયા રાજ્યમાં સ્થાપિત કરવામાં આવેલ હતું?
(A) ગુજરાત
(B) પંજાબ
(C) તામિલનાડુ
(D) ઉત્તરપ્રદેશ

031. નીચે પૈકી લોખંડ-પોલાદનું કયું કેન્દ્ર રશિયાના સહયોગથી સ્થાપવામાં આવેલ હતું?
(A) બોકારો પોલાદ કેન્દ્ર-ઝારખંડ
(B) રાઉરકેલા પોલાદ કેન્દ્ર, ઓરિસ્સા
(C) વિજયનગર પોલાદ કેન્દ્ર-કર્ણાટક
(D) સેલમ પોલાદ કેન્દ્ર, તામિલનાડુ

032. ભારતની રાષ્ટ્રીય આવકના કેટલા ટકા ભાગ કૃષિ પેદાશમાંથી મળે છે?
(A) 30%
(B) 25%
(C) 26%
(D) 32%

033. કપાસના ઉત્પાદનમાં વિશ્વમાં ભારત ક્યા ક્રમ પર છે?
(A) 3
(B) 4
(C) 2
(D) 6

034. ભાકરા-નાંગલ બહુહેતુક યોજનાના કયા રાજ્યો લાભાન્વિત રાજ્યો છે?
(A) પંજાબ
(B) જમ્મુકાશ્મિર
(C) હરિયાણા
(D) પંજાબ, હરિયાણા, રાજસ્થાન

035. નીચે દર્શાવેલ કઈ જોડી યોગ્ય નથી?
(A) નીલગિરીનું સૌથી ઊંચુ શિખર-દોદાબેટા
(B) પશ્ચિમઘાટનું સૌથી ઊંચુ શિખર-કળસુબાઈ
(C) કારાકોરમનું સૌથી ઊંચું શિખર-કાંમેત
(D) આબુનું સૌથી ઊંચુ શિખર-ગુરૂશિખર

036. સેન્ટ્રલ ફુડ ટેક્નોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ કયાં આવેલી છે.
(A) હૈદ્રાબાદ
(B) મુંબઈ
(C) દિલ્હી
(D) મૈસુર

037. ભારતમાં સૌપ્રથમ યુનિવર્સિટીની સ્થાપના ક્યારે થઈ?
(A) 1855
(B) 1857
(C) 1860
(D) 1875

038. ભારતમાં સૌથી ઓછા અક્ષરજ્ઞાનની ટકાવારી ક્યા રાજ્યની છે?
(A) બિહાર
(B) મધ્યપ્રદેશ
(C) ઝારખંડ
(D) ઉત્તરાંચલ

039. ભારતમાં વસ્તીની ગીચતા (પ્રતિ ચો. કિ.મી.) નીચે દર્શાવેલ રાજ્યો પૈકી કયા રાજ્યમાં સૌથી વધુ છે?
(A) મહારાષ્ટ્ર
(B) બિહાર
(C) પશ્ચિમ બંગાળ
(D) કલકત્તા

040. ભારતનો સૌથી ટૂંકો રાષ્ટ્રીય ધોરીમાર્ગ કયા નંબરનો છે?
(A) 8-એ
(B) 35
(C) 30
(D) 40

041. નીચે દર્શાવેલ કઈ જોડ બંધબેસતી નથી?
(A) કમ્બોડિયા - કમ્પુચિયા
(B) ઝાંઝીબાર-તાન્ઝાનિયા
(C) રહોડેશિયા-તાન્ઝાનિયા
(D) પર્શિયા - ઈરાન

042. ફીઝી ટાપુ કોનો ભાગ છે?
(A) ઈન્ડોનેશીયા
(B) મલેશિયા
(C) પોલિનેશીયા
(D) ઉપર પૈકી એકપણ નહીં.

043. નીચે દર્શાવેલ કઈ જોડી સાચી નથી?
(A) ડેરીનો દેશ - ન્યૂઝીલેન્ડ
(B) સફેદ હાથીનો પ્રદેશ-થાઈલેન્ડ
(C) લવિંગનો ટાપુ - ઝાંઝીબાર
(D) હિન્દ મહાસાગરનું મોતી-શ્રીલંકા

044. વિસ્તાર અને વસ્તીની દૃષ્ટિએ સૌથી નાનો દેશ કયો છે?
(A) નેપાળ
(B) સેન્ટ કિટસ નેવીસ
(C) વેટીકન સીટી
(D) પેરૂ

045. નીચેની કઈ જોડ બંધબેસતી નથી?
(A) બ્રિટન-પાર્લામેન્ટ
(B) યુ.એસ.એ. કોંગ્રેસ
(C) બાંગ્લાદેશ - સંસદ
(D) નેપાળ-સંસદ

046. વિશ્વના પ્રથમ મહિલા વડાપ્રધાન બનવાનું શ્રેય કોને ફાળે જાય છે?
(A) શ્રીમતી ઈન્દિરા ગાંધી
(B) શ્રીમતી સિરિમાવો ભંડારનાયક
(C) શ્રીમતી માર્ગારેટ થેચર
(D) કુ. બેનઝીર ભુટ્ટો

047. વેલિંગ્ટન કયા દેશની રાજધાની છે?
(A) નોર્વે
(B) નાઈઝીરીયા
(C) ન્યૂઝીલેન્ડ
(D) નેધરલેન્ડ (હોલેન્ડ)

048. જગતમાં સૌપ્રથમ મુદ્રણકળાની શોધ કયા દેશે કરી હતી?

(A) ભારત
(B) યુ.એસ.એ.
(C) યુ.કે.
(D) ચીન

049. તાસ્કંદ કરાર કઈ સાલમાં થયા હતા?

(A) ઈ.સ. 1964
(B) ઈ.સ.1965
(C) ઈ.સ. 1966
(D) ઈ.સ. 1963

050. સુએઝ નહેરનું રાષ્ટ્રીયકરણ કયા વર્ષમાં થયું હતું?

(A) ઈ. સ. 1956
(B) ઈ.સ. 1962
(C) ઈ. સ. 1957
(D) ઈ. સ. 1955

051. આમુખમાં કયા બંધારણીય સુધારા દ્વારા સમાજવાદી, અખંડિતતા, બિનસાંપ્રદાયિકતા એ શબ્દો ઉમેરવામાં આવ્યા?

(A) 40 માં
(B) 42 માં
(C) 43 માં
(D) 44 માં

052. 6-14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઇ ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ 21
(B) અનુચ્છેદ 22
(C) અનુચ્છેદ-21-ક
(D) અનુચ્છેદ-20

053. જાહેર રોજગારીની બાબતમાં તકની સમાનતા ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં છે?

(A) અનુચ્છેદ-16
(B) અનુચ્છેદ-13
(C) અનુચ્છેદ-12
(D) અનુચ્છેદ-19

054. જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અને સ્વાસ્થ્યને બાધ ન આવે તે રીતે, ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારો ભારતના બંધારણના કયા અનુચ્છેદમાં છે?

(A) અનુચ્છેદ-24
(B) અનુચ્છેદ-23
(C) અનુચ્છેદ-22
(D) અનુચ્છેદ-25

055. પર્યાવરણનું જતન અને સુધારણા તથા જંગલો અને વન્ય પશુપક્ષીઓના રક્ષણ બાબતની જોગવાઇ રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં ભારતના બંધારણમાં કયા અનુચ્છેદમાં કરવામાં આવી છે?

(A) અનુચ્છેદ-45
(B) અનુચ્છેદ-48
(C) અનુચ્છેદ-48-ક
(D) અનુચ્છેદ-46

056. ભારતના બંધારણ અનુસાર સંસદમાં કોનો સમાવેશ થાય છે?
(A) માનનીય રાષ્ટ્રપતિ
(B) રાજ્યસભા
(C) લોકસભા
(D) માનનીય રાષ્ટ્રપતિ, રાજ્યસભા અને લોકસભા

057. એંગ્લો ઈન્ડિયન કોમને લોકસભામાં પૂરતુ પ્રતિનિધિત્વ મળ્યું નથી એવો રાષ્ટ્રપતિનો અભિપ્રાય થાય, તો તેઓ તે કોમના વધુમાં વધુ કેટલા સભ્યોને લોકસભામાં નિયુક્ત કરી શકશે?
(A) 2
(B) 3
(C) 4
(D) 5

058. રાષ્ટ્રપતિ પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામું કોને સંબોધીને આપી શકશે?
(A) વડાપ્રધાનને
(B) ઉપરાષ્ટ્રપતિને
(C) ઉચ્ચતમ ન્યાયાલયના મૂખ્ય ન્યાયમૂર્તિને
(D) લોકસભાના સ્પીકરને

059. કોઈપણ રાજ્યના રાજ્યપાલને કોની સહી સિક્કાવાળા આદેશપત્રથી નીમવામાં આવે છે?
(A) વડાપ્રધાનના
(B) સંબંધિત રાજ્યના મુખ્યપ્રધાનના
(C) વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિના
(D) રાષ્ટ્રપતિના

060. રાજ્યપાલને કોઈ કાયદા વિરુદ્ધના ગુના માટે દોષિત ઠરેલી વ્યક્તિને થયેલી શિક્ષા માફ કરવાની, તેનો અમલ મોકૂફ રાખવાની, તેમાં મહેતલ આપવાની કે તેમાંથી મુક્તિ આપવાની અથવા તે હળવી કરવાની સત્તા ભારતના બંધારણના કયા અનુચ્છેદની જોગવાઈથી મળે છે?
(A) 160
(B) 162
(C) 161
(D) 163

061. વિદેશ વેપારનીતિ 2015-2020 મુજબ ભારતની 2020 સુધીનો નિકાસ લક્ષ્યાંક કેટલો છે?
(A) 500 બિલિયીન ડોલર
(B) 700 બિલિયન ડોલર
(C) 900 બિલિયન ડોલર
(D) 1000 બિલિયન ડોલર

062. ભારતની રાષ્ટ્રીય આવકમાં માધ્યમિક ક્ષેત્રનો ફાળો કેટલા ટકા છે?
(A) 26.6% (B) 14.8%
(C) 15.7% (D) 5%

063. હાલમાં સર્વિસ ચાર્જ કેટલા ટકા લેવામાં આવે છે?
(A) 14.5% (B) 15%
(C) 13.5% (D) 12.5%

064. ભારતમાં આર્થિક સુધારાની શરૂઆત કયા વર્ષથી થઈ?
(A) 1951 (B) 1961
(C) 1991 (D) 2002

065. સુવર્ણજયંતી ગ્રામ સ્વરોજગાર યોજનાનો અમલ કઈ કચેરી દ્વારા કરવામાં આવે છે?
(A) રોજગાર વિનિમય કચેરી (B) મામલતદાર કચેરી
(C) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી (D) કલેક્ટર કચેરી

066. ભારતમાં ભાવ વધારાને માપવા માટે કેટલા પ્રકારના સૂચક આંકનો ઉપયોગ કરવામાં આવે છે?
(A) 4 (B) 2
(C) 3 (D) 5

067. ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે કોણ આવ્યો?
(A) વેલેસ્લી (B) વોરન હેસ્ટીંગ
(C) ડેલહાઉસી (D) કેનિંગ

068. ભારત આવવાનો જળમાર્ગ કોણે શોધ્યો?
(A) કોલંબસ (B) પ્રિન્સ હેનરી
(C) વાસ્કોદગામા (D) બાર્થોલોમ્યુ ડાયઝ

069. ભારતમાં જાહેર બાંધકામ ખાતાની સ્થાપના કોના સમયમાં થઈ?
(A) વેલેસ્લી (B) ડેલહાઉસી
(C) વોરન હેસ્ટિંગ્સ (D) વિલિયમ બેન્ટિક

070. હડપ્પન સંસ્કૃતિ મુખ્યત્વે ક્યાં જોવા મળે છે?
(A) પંજાબ, રાજસ્થાન અને ગુજરાત
(B) પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ
(C) હરિયાણા, રાજસ્થાન અને દિલ્હી
(D) ગુજરાત, હરિયાણા અને પશ્ચિમ ઉત્તરપ્રદેશ

071. કઇ વ્યક્તિ દાંડી કૂચને મહાભિનિષ્ક્રમણ સાથે સરખાવે છે?
(A) સરદાર વલ્લભભાઈ પટેલ
(B) મૌલાના આઝાદ
(C) મહાદેવભાઇ દેસાઇ
(D) સુભાષચન્દ્ર બોઝ

072. વિશ્વ પૃથ્વી દિવસ પ્રતિવર્ષ ક્યા દિવસે મનાવવામાં આવે છે?
(A) 16 સપ્ટેંબર
(B) 21 માર્ચ
(C) 5 જૂન
(D) 22 એપ્રિલ

073. 1952 ની રાષ્ટ્રીય નીતિ પ્રમાણે દેશમાં કેટલા ટકા ભૌગોલિક વિસ્તારમાં જંગલો હોવા જોઇએ?
(A) 30 %
(B) 33 %
(C) 25 %
(D) 32 %

074. પૂર ઓસર્યા બાદ પીવા માટે ગાળેલું કયું પાણી ગાળીને વાપરશો?
(A) બે વાર ગાળેલું
(B) વહેતા પ્રવાહનું
(C) ચોખ્ખું દેખાતું
(D) ઉકાળેલું

075. ભોપાલ ગૅસ કાંડમાં ક્યા વાયુનું ગળતર થયેલ હતું?
(A) ઓઝોન
(B) મીક
(C) સલ્ફર ડાયૉક્સાઇડ
(D) મિથેન

076. નેશનલ ઈન્ફોર્મેટીક સેન્ટર (NIC) ભારત સરકારના ક્યાં વિભાગ હેઠળ કાર્યરત છે?
(A) ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ
(B) ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી
(C) ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકેશન
(D) ડિપાર્ટમેન્ટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજી

077. નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેક્નોલોજી (અગાઉ DOEACC Society) ની બાબતમાં કયુ વિધાન ખોટું છે?
(A) સાઇબર સીક્યોરીટી અને સાયબર ફોરેન્સીકના ક્ષેત્રમાં સંશોધન કરે છે.
(B) વિધિસર અને અવિધિસર શિક્ષણના ક્ષેત્રમાં સંશોધન કરવું.
(C) અવિધિસર રીતે ચાલતા ઇન્ફર્મેશન ટેકનોલોજીના કોર્સને માન્યતા આપવી.
(D) ઇન્ફર્મેશન ટેક્નોલોજી અંગે તાલીમ આપવી.

078. ટેલીવીઝનની શોધ કોણે કરી છે?
(A) રોબર્ટ મિલેટ
(B) માઇકલ ફેરાડે
(C) જે. એલ. બીર્ડ
(D) ડૉ. ગેટિંગ

079. નીચેનું કયું જોડકું બંધ બેસતું નથી?
(A) દુરાન્દ કપ - ફૂટબોલ
(B) વિલિંગ્ટન કપ - લોન ટેનિસ
(C) ડેવિસ કપ - લોન ટેનિસ
(D) રંગાસ્વામી કપ - હોકી

080. ભારત માટે સચિન તેંડુલકર પ્રથમ ટેસ્ટ મેચ રમ્યો ત્યારે તેની ઉંમર કેટલી હતી?
(A) 18 વર્ષ
(B) 20 વર્ષ
(C) 17 વર્ષ
(D) 15 વર્ષ

081. 3125 ÷ 125 – 3150 ÷ 225 નો જવાબ કેટલો થશે?
(બાદ)
(A) 17
(B) 11
(C) 19
(D) 14

082. એક વાહન 60 કિ.મી. પ્રતિ કલાકની ઝડપથી 3 કલાક મુસાફરી કરે છે. આ વાહનને પરત આવવા માટે 2 કલાકનો સમય આપવામાં આવે છે. આ સંજોગોમાં મૂળ ગતિ કરતા કેટલા કિ.મી. પ્રતિ કલાકની ઝડપ વધારવી પડશે?
(A) 90
(B) 45
(C) 30
(D) 180

083. 3 + 33 + 3.33 + 333.333 = કેટલા થાય?
(A) 372.663
(B) 372.63
(C) 37.2663
(D) 3726.63

084. એક થાંભલાની ત્રિજ્યા 20 સે.મી છે અને ઊંચાઇ 10 મિટર છે. તો 14 થાંભલા માટે કેટલા ઘનમીટર કોંક્રિટ જોઇએ?
(A) 176 ઘનમીટર
(B) 17.6 ઘનમીટર
(C) 1.76 ઘનમીટર
(D) 1760 ઘનમીટર

085. નીચેના વિકલ્પો પૈકી કયો ક્રમ તાર્કિક ગોઠવણી દર્શાવે છે?
(1) મહારાષ્ટ્ર (2) વિશ્વ (3) મુંબઇ (4) ભારત (5) એશિયા
(A) 1 5 3 2 4
(B) 3 1 4 5 2
(C) 3 4 2 1 5
(D) 3 2 1 5 4

086. માહિતી અધિકાર અધિનિયમ - 2005 અંતર્ગત માહિતી માંગનારને માહિતી કોમ્પ્યુટર ડિસ્ક કે ફ્લોપીમાં આપવાની હોય તો કેટલા રૂપિયા ફી લેવાની જોગવાઇ છે?
(A) 20 રૂપિયા
(B) 100 રૂપિયા
(C) 50 રૂપિયા
(D) ફ્લોપીની બજાર કિંમત જેટલા રૂપિયા

**087.** માહિતી અધિકાર અધિનિયમ - 2005 માં કઇ કલમ હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારે નિર્દિષ્ટ કરેલા ગુપ્તચર અને સલામતી સંગઠનોને માહિતી પૂરી પાડવામાંથી મુક્તિ અપાયેલ છે.

(A) કલમ - 8
(B) કલમ - 9
(C) કલમ - 11
(D) કલમ - 24

**088.** માહિતી અધિકાર અધિનિયમ - 2005 મુજબ કચેરીને અરજી મળ્યાની તારીખથી માહિતી આપવાની બાબતમાં કયુ વિધાન સાચું નથી?

(A) આ માહિતી અરજી મળવાની તારીખથી 30 દિવસમાં આપવી જોઇએ.
(B) આ 30 દિવસની ગણતરીમાં રજાના દિવસોનો સમાવેશ થતો નથી.
(C) આ 30 દિવસની ગણતરીમાં રજાના દિવસોનો સમાવેશ થાય છે.
(D) વ્યક્તિની જિંદગી અથવા સ્વતંત્રતા સાથે સંબંધિત હોય ત્યારે માહિતી 48 કલાકમાં આપવાની રહેશે.

**089.** જો ઇ-મેઇલથી માહિતી માંગવા માટેની અરજી મળેલ હોય તો, તેની બાબતમાં નીચે પૈકી કયુ વિધાન સાચું નથી?

(A) અરજી ફી સાત કેલેન્ડર દિવસમાં ભરવાની હોય છે.
(B) બી. પી. એલ. નો પુરાવો સાત કેલેન્ડર દિવસમાં આપવાનો હોય છે
(C) ઉપર (A) અથવા (B) ની જોગવાઇનું પાલન થયેલ ન હોયતો અરજદારને પત્ર લખીને જરૂરી ફી અથવા બી. પી. એલ. નો પુરાવો મંગાવવાનો રહેશે.
(D) ઉપર (A) અથવા (B) ની જોગવાઇનું પાલન ન થયેલ હોયતો અરજી દફતરે કરવામા આવે છે.

**090.** અનુકૂળની સાચી જોડણી કઇ છે?

(A) અનુકુળ
(B) અનૂકૂળ
(C) અનૂકુળ
(D) અનુકૂળ

**091.** "દૂધે મેહ વરસવા" રૂઢિપ્રયોગનો અર્થ શું થાય છે?

(A) આનંદ આનંદ થઇ જવો
(B) યશસ્વી કાર્ય કરી બતાવવું
(C) ખૂબ ગર્વ હોવો
(D) હાજી હા કરવી

**092.** વિરુધ્દાર્થી શબ્દમાં કઇ જોડી સાચી નથી?

(A) સાપેક્ષ-નિરપેક્ષ
(B) લાભ-ગેરલાભ
(C) સાધક-સાધિકા
(D) ક્ષણિક-શાશ્વત

**093.** Fill in the blank with appropriate preposition -
He jumped ................. the river.

(A) in | (B) on
(C) into | (D) at

**094.** Fill in the blank -
................. bird in the hand is worth two in the bush.

(A) A | (B) The
(C) No article is required | (D) An

**095.** Which sentence is incorrect?

(A) I haven't got any
(B) I could not find it no where.
(C) I have not got any paper for my exercise.
(D) I can't see any wit in her

**096.** Find the correct "Passive form" of the given sentence "Ramesh is writing a letter."

(A) A letter is wrote by Ramesh
(B) A letter has been written by Ramesh
(C) A letter is written by Ramesh
(D) A letter is being written by Ramesh

**097.** Identify the meaning of the underlined word from among the four alternatives. "At present she is in pecuniary difficulties."

(A) monetary | (B) business
(C) minor | (D) professional

**098.** તાજેતરમાં રાજ્યમાં ગ્રામપંચાયતની ચૂંટણી યોજવામાં આવેલ હતી. તેમાં કુલ કેટલી ગ્રામપંચાયતોની ચૂંટણી યોજવામાં આવેલ હતી?

(A) 10280 | (B) 10279
(C) 10285 | (D) 10287

**099.** હાલમાં ભારતે "ઓપરેશન રાહત" ક્યા દેશમાંથી ભારતીય નાગરિકોને પરત લાવવા ચલાવ્યું હતું?

(A) યમન | (B) સીરિયા
(C) ઉત્તર સુદાન | (D) દક્ષિણ સુદાન

**100.** બ્રિક્સબેંકના પ્રથમ વડા ક્યા દેશના છે?

(A) ચીન

(B) બ્રાઝિલ

(C) ભારત

(D) રશિયા

**SUGGESTION OF THE CANDIDATE IN RESPECT OF THE PROVISIONAL KEY**

**NAME OF THE POST :……………………………………………………………………………** **ADVERTISEMENT NO. : …………………………………………..**

**DATE OF PRELIMINARY TEST :28/01/2017** **SUBJECT : …………………………………………………………………**

| Question No.&Question of website published Question paper | Answer as per Provisional Key (A/B/C/D) | Candidate's Suggested Answer (A/B/C/D) | Candidate's Application | | |
|---|---|---|---|---|---|
| | | | Details of Application | Resource Material (Copy to be Enclosed) | Details of the Website |
| | | | | (1)Name of The Book<br>(2) Page No.<br>(3) Name of the Author<br>(4) Name and Address of the Publisher<br>(5) Year of the Publication | Name and Link of the Website |

*Note: - Application for each question shall be made on Separate page in the above given format. All objections shall be sent upto dt.16/02/2017*

**Name of the Candidate :-**

**Roll No :-**

**Address :-**

**Signature of the Candidate**……………………………………..

# પ્રોવિઝિનલ આન્સર કી અંગે ઉમેદવારના સૂચનો

જગ્યાનું નામ : ……………………………………………………………………………… જાહેરાત નં. : ………………………………………………

પ્રાથમિક કસોટીની તારીખ :૨૮/૦૧/૨૦૧૭ વિષય : ……………………………………………………………………………

| વેબસાઇટ પર મુકેલ પ્રશ્નપત્ર નો પ્રશ્ન ક્રમાંક અને પ્રશ્ન | પ્રોવિઝિનલ આન્સર કી મુજબ જવાબ (A/B/C/D) | ઉમેદવારનો સૂચિત જવાબ (A/B/C/D) | ઉમેદવારની રજુઆત. | | |
|---|---|---|---|---|---|
| | | | રજુઆતની વિગત. | સંદર્ભ/ માહિતી સ્ત્રોત (નકલ બિડવી.) | વેબસાઇટની વિગત |
| | | | | (૧) પુસ્તકનું નામ.<br>(૨) પાના નંબર.<br>(૩) લેખકનું નામ.<br>(૪) પ્રકાશકનું નામ./ સરનામું.<br>(૫) પ્રકાશનનું વર્ષ. | વેબસાઇટનું નામ. |

*નોંધઃ- એક પાના ઉપર એક જ પ્રશ્નની રજૂઆત લખવી, અન્ય પ્રશ્ન માટે અલગ પાન વાપરવું. તમામ સૂચનો તા.૧૬/૨/૨૦૧૭ સુધી મોકલી શકાશે.*

ઉમેદવારનું નામ :-

બેઠક નં :-

સરનામું:- ઉમેદવારની સહી ………………………………………………